ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લામાં આઠ મહિનામાં ૧૭૭૦ને કુતરા કરડ્યા

## નવેમ્બર માસમાં સૌથી વધુ ૪૯૫ બનાવો

## ગત વર્ષ કરતાં આ સંખ્યામાં ભારેખમ વધારો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે કુતરા કરડવાની ઘટનાઓમાં ભારેખમ વધારો થવા પામ્યો છે. નવેમ્બર-૧૪ સુધીમાં ૧૯૨૪ વ્યક્તીઓને કુતરા કરડ્યા છે. જે ગત વર્ષે ૧૭૭૦ હતા.

ગાંધીનગર જિલ્લામાં કુતરા કરડવાની ઘટનામાં આ વર્ષે પુરૂષ દર્દીઓની સંખ્યા પણ ૧૨૦૭ છે. જ્યારે મહિલા દર્દીઓની સંખ્યા ૫૧૭ નોંધાઈ છે. માત્ર ૮ માસના ગાળામાં જ આ દર્દીઓ નોંધાયા છે.

શેરી કુતરાઓ વધુ કરડ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. સૌથી વધુ કેસો ઓક્ટોબર અને નવેમ્બર માસમાં નોંધાયા છે. નવેમ્બર માસ દરમ્યાન ૪૯૫ જણાને કુતરા કરડ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કુતરા કરડવાની સૌથી વધુ ઘટનાઓ માણસા તાલુકાના પુંધરા વિસ્તારમાં તો ગાંધીનગર તાલુકાના ડભોડા, અડાલજ પંથકમાં તો દહેગામના કડજોદરા અને કડાદરા પંથકમાં નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં કુતરાઓની સંખ્યામાં પણ વધારો થયેલો જોવા મળ્યો છે તેમ પ્રાણી પ્રેમીઓનું કહેવું છે. ગાંધીનગર શહેરમાં જ રોજના દસ જેટલા કુતરાઓ મોતને ભેટતા હોવાની હકીકતો પણ બહાર આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં રખડતા શેરી કુતરાઓને પકડવા માટે ખાસ વાહન મહાનગરપાલિકાએ ખરીદી છે પણ કેટલા પકડાયા તે બાબતે સત્તાવાળાઓ મૌન વાળી રહ્યા છે તે હકીકત છે.

# જનભાગીદારીથી ગાંધીનગર સ્વચ્છ બનાવાશે

## ગ્રીનસીટીને ક્લીન બનાવવા એક્શન પ્લાન તૈયાર થશે : પ્રત્યેક નાગરિક સ્વચ્છતા અભિયાનમાં જોડાય તે માટે આયોજન : તમામ સેક્ટરોમાં એન.જી.ઓ.ના પ્રતિનિધિ સ્વચ્છતાના મામલે નિરિક્ષણ કરશે : સ્વચ્છતાના મુદ્દે નગરને નમૂનારૂપ બનાવવા લોકભાગીદારી અત્યંત અનિવાર્ય : મુખ્ય સચિવ પાંડીયન




(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરને વાસ્તિવકરૂપે સ્વચ્છ બનાવવા લોકભાગીદારી અને કાયદાનો કડક અમલ અત્યંત જરૂરી હોવાનું રાજ્યના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયને જણાવ્યું છે. પ્રશાસન અને સમાજ વચ્ચે સ્વચ્છતાના મુદ્દે મજબુત સેતુ રચાય તેવા ઉમદા આશય સાથે મળેલી મહત્વની બેઠક દરમિયાન મુખ્ય સચિવે સ્વચ્છતાના મામલે એન.જી.ઓ. સાથે મળી નગરને ગંદકીમુક્ત કરવાનો એક્શન પ્લાન તૈયાર કરવા જણાવ્યું છે. જ્યારે તમામ સેક્ટરોમાં સફાઈ કામગીરીનું યોગ્ય નિરીક્ષણ થાય તે માટે એન.જી.ઓ.ના પ્રતિનિધિઓને જવાબદારી સ્વીકારવા જણાવ્યું છે. આમ નાગરિકો સ્વૈચ્છિક રીતે સફાઈ અભિયાનમાં જોડાય અને શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ પણ સ્વચ્છતા ઝુંબેશમાં જોડાય તેવુ આયોજન કરવા પણ બેઠક દરમિયાન નિર્ણય લેવાયો છે.

ગ્રીનસીટીને ક્લીનસીટી બનાવવા કલ્ચરલ ફોરમ દ્વારા ઈન્ફોસિટી રીસોર્ટ ખાતે મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વિશેષરૂપે ઉપસ્થિત રાજ્યના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયને જણાવ્યું હતું કે ગાંધીજીના જન્મ દિવસે વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છતા અભિયાનમાં પ્રત્યેક નાગરિક યોગદાન આપે તે અનિવાર્ય છે. નગરને નમૂનારૂપ શહેરની ઓળખ આપવાનો સમય આવી ગયો છે. ત્યારે મર્યાદાઓની વચ્ચે પડકારોને ઝીલીને સ્વચ્છતાના મુદ્દે પ્રત્યેક નાગરિકોએ સાથે મળીને પોતાનું યોગદાન આપવું જોઈએ. તેમણે નગરને સ્વચ્છ બનાવવા એન.જી.ઓ. સાથે મળી એક્શન પ્લાન તૈયાર કરવા પણ જણાવ્યું હતુ. આ ઉપરાંત સ્વચ્છતાના મામલે વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સેક્ટરોની સ્થિતિનું નિરીક્ષણ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ જણાવ્યું હતુ. સ્વચ્છતાના મામલે લોકભાગીદારી અને સ્વયંશિસ્ત ખૂબ જરૂરી હોવાનું જણાવી તેમણે શાળા-કોલેજના વિદ્યાર્થીઓને પણ આ મિશનમાં જોડવા જણાવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરીએ પણ ગાંધીનગરને ડસ્ટ ફ્રી સીટી બનાવવાનો હેતુ વ્યક્ત કર્યો હતો. હાલ ૧૨૦ ડસ્ટબીન ૬૦ મીની

● અનુસંધાન પાન-૭ પર

# બિનસચિવાલય કારકુન માટે જિલ્લામાં ૩૦ હજાર પરીક્ષાર્થી

## આ પરીક્ષા માટે જિલ્લામાં ૮૪ કેન્દ્રો પરીક્ષાર્થી મોબાઈલ ફોન પરીક્ષા ખંડમાં નહિ લઈ જઈ શકે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૧મી ડિસેમ્બરે યોજાનાર બિન સચિવાલય કારકુનોની ભરતી અંગેની પરીક્ષામાં જિલ્લાના ૩૦ હજાર પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

બિન સચિવાલય કારકુનની પરીક્ષા માટેની તૈયારીઓ તંત્ર દ્વારા શરુ કરી દેવામાં આવી છે. આ માટે ૮૪ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

પરીક્ષાની વિગતો આપતાં અધિક જિલ્લા કલેકટર ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે આ પરીક્ષા કેન્દ્રો સમગ્ર જિલ્લામાં આવેલા છે. આ પરીક્ષા માટે ૧૧.૧૫ કલાકે શાળાઓના કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓને પ્રવેશ અપાશે.

લેખિત પરીક્ષાનો સમય ૧૨ થી ૩નો રહેશે. આ પરીક્ષા માટે ૧૫ રૂટ નિયત કરવામાં આવ્યા છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ ચુસ્ત રાખવામાં આવશે. આ માટે નિરીક્ષકોની નિમણુંક કરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં કૃષિહમહોત્સવના પગલે સચિવાલય સૂમસામ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં આજથી શરૂ થયેલા કૃષિ મહોત્સવમાં ભાગ લેવા મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયમાં મંત્રાલયોમાં નિરવ શાંતિ છવાઈ જવા પામી છે.

રાજ્ય સરકાર દ્વારા કૃષિ રથ બાદ કૃષિ મહોત્સવનો નવો કાર્યક્રમ અમલમાં મુક્યો છે. આ કાર્યક્રમનો પ્રથમ તબક્કો આજથી શરૂ થવા પામ્યો છે. બીજો તબક્કો ૧૮મી ડીસેમ્બરથી હાથ ધરવામાં આવશે.

આજથી શરૂ થયેલા કૃષિ કલ્યાણ મેળાઓમાં કૃષિ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી અંગે માર્ગદર્શન આપશે. આ ઉપરાંત કૃષિ સંમેલનો પણ યોજવામાં આવશે. જેમાં પ્રગતિશીલ ખેડૂતો દ્વારા તેમના જ્ઞાન અને મળેલ ફાયદાઓ અંગેની વિગતોનું આદાન-પ્રદાન કરશે.

કૃષિ કલ્યાણ મેળાઓ દરમ્યાન રાજ્ય સરકારની વિવિધ કૃષિ લક્ષી યોજનાઓ અંતર્ગત લાભાર્થી ખેડૂતોને સહાય ચેકોનું વિતરણ પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. કૃષિ મહોત્સવ માટે મંત્રીઓને જિલ્લાઓની જવાબદારીઓ સોંપવામાં આવતા તમામ મંત્રીઓ જિલ્લાઓના પ્રવાસે જતાં મંત્રાલયો મંત્રીઓ વિહોણા બનતા મંત્રાલયોમાં નિરવ શાંતિ છવાઈ જવા પામી હતી.

# ગાંધીનગરમાં લવાયેલા મજૂરો માટે કામચલાઉ શૌચાલયની અનિવાર્યતા

ગાંધીનગર, તા.૧૧

સ્વચ્છ ભારત ઝુંબેશ હેઠળ શહેરમાં ઠેર ઠેર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ વાયબ્રન્ટ સમિટની તૈયારીઓ માટે ગાંધીનગરમાં ઠલવાયેલા મજૂરો કારીગરો માટે શૌચાલયની સુવિધા ન હોવાથી તેઓને જાહેરમાં જ શૌચક્રિયા કરવાની ફરજ પડે છે. જેથી ગાંધીનગરમાં ગંદકી ફેલાય છે અને સાથે સાથે શહેરીજનોનું આરોગ્ય જોખમાય છે.

આગામી જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિર ખાતે પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશ વિદેશના મહાનુભાવોનો મેળાવડો જામવાનો હોવાથી શહેરની સાજ સજાવટ પુરજોશમાં ચાલી રહી છે. મહાત્મા મંદિર ખાતે પણ પુરજોશમાં કામ ચાલી રહ્યું છે. સ્વર્ણિમ પાર્કના કામમાં પણ ઘણા મજુરો દિન રાત જોતરાયા છે. વિવિધ પ્રકારના મજુરો અને કારીગરોએ શહેરમાં ડેરા તંબુ તાણ્યા છે. આ મજુરો તેઓનું કામ ચાલે છે તેની આસપાસ જ ઝુંપડા બાંધીને રહે છે. મહાત્મા મંદિરની પાસે પણ ઘણા મજુરો કામચલાઉ શેડ કે ઝુંપડા બાંધીને રહે છે. અહીં જાહેર શૌચાલય કે કામચલાઉ શૌચાલય જેવી કોઈ વ્યવસ્થા ન હોવાથી તેઓને જાહેરમાં જ શૌચક્રિયા એ જવાની ફરજ પડે છે. જેના કારણે આસપાસ રહેતા વસાહતીઓને શરમજનક સ્થિતિમાં મુકાવવું પડે છે. ગ રોડ અને ખ રોડ પરથી પસાર થતાં વસાહતીઓને ભયંકર દુર્ગંધનો સામનો કરવો પડે છે. ગાંધીનગરમાં આટલી મોટી સંખ્યામાં જયારે મજુરો કારીગરો કામ કરી રહ્યા છે ત્યારે તેમના માટે શૌચાલય સહિતના કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવી જોઈએ. સ્થાનિક સત્તા તંત્ર જો મોબાઈલ ટોયલેટ જેવી વ્યવસ્થા પણ ઉભી કરે તો મજુરોને જાહેરમાં શૌચક્રિયાએ જવું ન પડે અને શહેરનું સ્વાસ્થ્ય પણ જોખમમાં ન મુકાય. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલય બનાવવાની જાહેરાતો જોરશોરથી કરવામાં આવે છે ત્યારે મજુરો કારીગરો માટે પણ તાકીદે આ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

# વાયબ્રન્ટ માટે એમ.ઓ.યુ.ની દરખાસ્તો સાત દિવસમાં મોકલો

ગાંધીનગર, તા. ૧૧

તમામ વિભાગોને તેમને સ્પર્શતા ક્ષેત્રના ઉદ્યોગો સાથે એમ.ઓ.યુ. કરવા માટેની દરખાસ્તો સાત દિવસમાં ઉદ્યોગ અને ખાણ મંત્રાલયને મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૧૧મી જાન્યુઆરી-૨૦૧૫ થી ત્રણ દિવસ માટે ગાંધીનગર વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ યોજાનાર છે. આ સમિટનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે.

આ સમિટમાં યુ.એસ. પણ ભાગીદાર દેશ તરીકે જોડાનાર છે. આ ત્રણ દિવસની સમીટ દરમ્યાન ઉર્જા પેટ્રોકેમિકલ્સ, બંદરો, ઈન્ફ્રાસ્ટ્રક્ટર,

● અનુસંધાન પાન-૭ પર

# લોન-ટેનિસ સ્પર્ધામાં ગુજરાતને ગોલ્ડ મેડલ

અમદાવાદ, તા.૧૧

કેન્દ્ર સરકારના રમતગમત અને યુવા બાબત દ્વારા કર્ણાટક ખાતે યોજાયેલ રાજીવ ગાંધી ખેલ અભિયાન અંતર્ગત નેશનલ લેવલ વુમન્સ સ્પોર્ટ્સ લોન-ટેનિસ કોમ્પિટીશનમાં ગુજરાતની ટીમ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે અનુક્રમે વૈભવી ત્રિવેદી, ઉર્મી પંડ્યા અને ઝેવર ટીમનીયાએ ગુજરાતનું નામ રોશન કર્યું છે. કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં ૮થી ૧૧ ડિસેમ્બર દરમિયાન યોજાયેલી આ કોમ્પિટીશનમાં દેશના ૧૬ રાજ્યોનીએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં તેલંગાણા, સેમિફાઈનલમાં મહારાષ્ટ્ર તથા ફાઈનલમાં કર્ણાટક રાજ્યને મહાત કરીને ગોલ્ડ મેડલ મેળવવામાં સફળ થઈ છે. આ ઉપરાંત વ્યક્તિગત સ્પર્ધામાં ઉર્મી પંડ્યાએ સેમિફાઈનલમાં મહારાષ્ટ્રની દક્ષતા પટેલને હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો તથા ફાઈનલ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.










# વાઈબ્રન્ટ એક્સ્પો ફરતે વોલ પર સ્પાઈરલ ફેન્સીંગ કરાયું

## વોલ કુદીને કોઈ પ્રવેશી શકે નહીં તે માટે ફેન્સીંગ ફીટ કરાઈ



(તસવીર : ધનંજય જોષી)

ગાંધીનગર, તા.૧૧

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સે-૧૭ સ્થિત વિશાલ હેલીપેડ મેદાનમાં યોજાનારા ભવ્ય પ્રદર્શન માટે અદ્યતન ડોમ્સ તૈયાર કરવામાં આવ્યા છે. એકિઝબિશનમાં દેશ વિદેશના મહાનુભાવો હાજરી આપવાના હોવાથી પ્રદર્શન સ્થળ ફરતે સલામતીના પરિબળો સંદર્ભે પણ પુરતું ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. પ્રદર્શન સ્થળની કમ્પાઉન્ડ વોલ પર સ્પાઈરલ ફેન્સીંગ ફીટ કરવામાં આવી રહી છે. જેના લીધે કોઈ દિવાલ કુદીને પણ અંદર પ્રવેશી શકશે નહીં.

આગામી વાઈબ્રન્ટ સમિટ તેમજ ભારતીય પ્રવાસી દિવસની ઉજવણીને ધ્યાને લઈ શહેરમાં ઠેર ઠેર પૂર્વ તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં સાફ સફાઈ અને બ્યુટીફીકેશન ઉપરાંત સલામતીના પરિબળોને ધ્યાને લઈને પણ તંત્ર કક્ષાએથી યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૧૭ના વિશાળ હેલીપેડ મેદાન ખાતે ભવ્ય વાઈબ્રન્ટ એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે પ્રદર્શનના સ્થળે ૧ લાખ સ્કવેર મીટર જગ્યામાં તોતિંગ અને અદ્યતન ડોમ્સનું નિર્માણ કરાયું છે. પ્રદર્શનના સ્થળ ફરતે કમ્પાઉન્ડ વોલને પણ વધુ સુરક્ષિત બનાવવા ફેન્સીંગનું કામ શરુ કરી દેવાયું છે. હાલ આ વોલ ઉપર સ્પાઈરલ ફેન્સીંગ ફીટ કરવાનું કામ ચાલે છે. કમ્પાઉન્ડ વોલ પર ફેન્સીંગ ફીટ કરવામાં આવી છે. સ્પાઈરલ ફેન્સીંગ તીક્ષ્ણ હોવાથી કોઈ પણ ઈસમ વોલ કુદીને પ્રવેશી શકશે નહીં. પ્રદર્શન સ્થળે પી.એમ.ઓ. હાઉસ પણ તૈયાર થઈ રહ્યું હોવાથી આસપાસ સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.




# ગાંધીનગરમાં લારી-ગલ્લા તથા શાકવાળાઓને ઉંચા વ્યાજે નાણા આપવાનો ધીકતો કારોબાર

## આ બે નંબરનો ધંધો વટ, વચન અને વિશ્વાસથી ચાલે છે, દૈનિક હપ્તો ઉઘરાવી નાણાં વસુલ કરાય છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર પંથકમાં ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં ઉંચા વ્યાજના નાણાં મેળવવાની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. જેથી આ ધીકતા કારોબારનો આંકડો કરોડોમાં ગણાઈ રહ્યો છે. જો કે લારી ગલ્લા તથા શાક વેચતા નાના લોકો પોતાના વ્યવસાય અર્થે અન્ય માર્ગેથી નાણાં ન મળતા મજબુરીથી ઉંચુ વ્યાજ ખર્ચી પોતાનો વેપાર કરે છે. અને નાણા આપનાર પણ દૈનિક નક્કી કરેલ રકમ હપ્તા પેટે મેળવી નાણાં વસુલી લે છે. છતાં પણ આંખો પહોળી થઈ જાય તેટલા ઉંચા વ્યાજની કમાણી કરી નાણાં ધીરનાર ખુબ જ ટુંકા ગાળામાં પોતાની રકમ બમણી કરી નાખી એશ આરામમાં આળોટે છે. જેથી આર્થિક સધ્ધરતા ન ધરાવતા આ લારીગલ્લા તથા શાકવાળાઓ માટે ધીરાણની યોગ્ય વ્યવસ્થા હાથ ધરાય તે અત્યંત જરૂરી બન્યું છે.

ભારતીય અર્થતંત્રમાં બે નંબરના નાણાંનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. જેમાં ઉંચા વ્યાજે નાણાં ધીરનાર વ્યક્તિઓ સૌથી મોખરે હોવાનું જણાઈ રહ્યું છે. આ ઉંચા વ્યાજે નાણાં ધીરવાનો મસમોટો કારોબાર ગાંધીનગર પંથકમાં પણ જબરદસ્ત ચાલી રહ્યો છે. એક જ સ્થળે રહી વ્યાપાર કરતા લારી-ગલ્લા તથા શાક વેચતા લોકો ખુબ જ ઉંચા વ્યાજે નાણાં મેળવી રહ્યા છે. વ્યાપારી વ્યાજ તરીકે ત્રણ થી દસ ટકાના રેશીયામાં અપાતા આ નાણાં દૈનિક હપ્તો ઉઘરાવી વસુલ કરી લેવાય છે. દા.ત. ૧૦,૦૦૦ ના ધીરાણમાં રૂ. ૯,૦૦૦ અપાય છે. જેને એક માસમાં એટલે દૈનિક ૩૫૦ રૂપિયા ઉઘરાવી વસુલ લેવાય છે. જો કે આવા વેપાર કરતા લોકોને બેંક કે અન્ય નાણાંકીય સંસ્થાઓ ધિરાણ આપતી ન હોવાથી મજબુરીથી વ્યવસાય કરવા ઉંચુ વ્યાજ ખર્ચવુ પડતુ હોવાનુ પણ તેઓ જણાવી રહ્યા છે.

આ નાણાં ધીરવાની મર્યાદા જાણવા મળ્યા મુજબ રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦ હોય છે અને નાણાં મેળવનારની સંખ્યા ખુબ જ મોટી હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં ઓછા જોખમે વધુ કમાણીનો કિમીયો હોવાથી અનેક લોકો આ વ્યવસાયમાં ઝંપલાયેલા જોવા મળી રહ્યા છે. જો કે ઉંચા વ્યાજના ચક્કરમાં અનેક જિંદગીઓ જોખમમાં મુકાઈ હોવાના કિસ્સા બન્યા છે ત્યારે સરકાર દ્વારા યોગ્ય નાણાંકીય વ્યવસ્થા હાથ ધરી આ લોકોને ઉંચા વ્યાજના ચક્કરમાંથી બચાવવા જોઈએ તેવી માંગ ઉઠી છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com